संगठन संप सहकार

**૧૦૮ સંસ્કાર જ્યોત**

*Website :*
*www.108samaj.org.*
*E-mail : info@108samaj.org.*

**વર્ષ ૭ નં. ૩૪**

*June - 2010*
*Published, Printed & Edited by*
*Shree B. M. Shah on behalft of*
***Shree Jain Visha Shrimali 108 na Gol nu Yuvak Mandal, Ahmedabad.***



**ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| બચુભાઈ એફ. શાહ | – | ધોળાસણ |
| ભૂપેન્દ્ર એમ. શાહ | – | ધિણોજ |
| કપુરભાઈ આર. શાહ | – | લીંચ |
| જયકુમાર સી. શાહ | – | આસજોલ |

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | - | ભૂપેન્દ્ર એમ. શાહ | - | ધિણોજ |
| ઉપપ્રમુખ | - | પ્રવિણ કે. મહેતા | - | બોરીયાવી |
| મંત્રી | - | ચંદ્રાકાન્ત ટી. શાહ | - | મોટીદાઉ |
| સહમંત્રી | - | અશ્વિનભાઈ પી. મહેતા | - | મહેસાણા |
| સહમંત્રી | - | હર્ષદભાઈ બાબુલાલ શાહ | - | લણવા |
| ખજાનચી | - | દિલીપભાઈ સી. મહેતા | - | છઠીયારડા |



● સંપાદક મંડળ ●
માનદ્ સંપાદક
**ડો. નવિન એસ. શાહ**
● કાર્યકારી સંપાદક ●
**શ્રી સમીર પી. શાહ**
મો. : ૯૮૨૫૦૨૭૮૮૯ (રહે.) ૨૬૬૫૨૫૨૫
*E-mail : samirshah13@yahoo.com*

● સહ સંપાદક ●
**શ્રી વિરલ લાલભાઈ શાહ**
મો. : ૯૮૨૫૧૩૫૪૪૬ (રહે.) ૨૬૬૦૩૪૪૬
*E-mail : viraltraders@gmail.com*


## સંપાદકીય

સહુ ગુજરાતીઓ માટે ગૌરવપૂર્ણ અવસર એટલે 'સ્વર્ણિમ ગુજરાત' નો અવસર. ગુજરાતની ગૌરવ યાત્રા અને યશોગાથાનો અવસર એટલે જ સ્વર્ણિમ ગુજરાતનો અવસર.

આ યશોગાથાના અનેક સહભાગી અંગો, એટલે રાજ્યની છેવાડાનો ગુજરાતી, નાના, નાના અનેક જ્ઞાતિ સમાજો, ગ્રામ વિસ્તાર, નગર વિસ્તાર અને શહેર વિસ્તારોનો સમુહ.

આપણું ૧૦૮ યુવક મંડળ આજે સ્વર્ણિમ ગુજરાતના અવસરે ઉન્નત મસ્તકે સમગ્ર વિશ્વમાં ગરવી ગુજરાતનો જયઘોષ કરવા કટિબધ્ધ છે.

આવો આપણે સહુ કેટલાંક સંકલ્પ કરીએ – આદર્શ – રોલ મોડલ – ૧૦૮ સમાજની ભાવિ માર્ગદર્શિકા નક્કી કરીએ. અગ્રતા આરોગ્યની આપીએ તો વાસ્તવિક્તા સમજવી જોઈએ.

- આરોગ્ય સેવા વધુ સચોટ, પરિણામ લક્ષી બનતી હોવાં છતાંય, ખૂબ મોંઘી બનતી જાય છે. આધુનિક સારવારની સાથે સાથે, તમારી બચતનો મોટો હિસ્સો તાણી જાય તેવી મોંઘી હોય છે.

  એક પ્રાથમિક અંદાજ પ્રમાણે, આપણા મંડળનો પ્રત્યેક પરિવાર, મેડીકલ દવાઓ (નિયમિત જરૂરી બી.પી.,ડાયાબીટીસ,દમ વિગેરે) તથા મેડીકલ ટેસ્ટ, રીપોર્ટ,સર્જરી વિગેરે માટે વાર્ષિક સરેરાશ રૂા. ફક્ત ૧૦૦૦રૂા. નો અદાજીત ખર્ચ કરતો હોય, (એકદમ ઓછામાં ઓછો અંદાજ પ્રમાણે, વાસ્તવિક્તા આનાથી વધુ હોઈ શકે છે.) તો સમગ્ર અમદાવાદના સભ્યોનો સંકલિત કુલ ખર્ચ વાર્ષિક રૂા. ૧૨ લાખથી પણ વધુ થઈ શકે છે. આમાંથી ૮૦% ખર્ચ અટકાવી શકાય તેવો હોય છે.

  કેટલાંક રોગ, અણધાર્યા,આકસ્મિક ઊદ્ભવતા હોય છે. પરંતુ મોટા ભાગના રોગ, રોકી શકાય તેવા હોય છે. જીવનશૈલી બદલવાની જરૂર છે.
- પરિવારના તમામ સભ્યો વચ્ચે સંવાદ, સરલતા, સ્નિગ્ધતા વધે તો હાઈ બ્લડ પ્રેસર, ડાયાબીટીસ જેવા દર્દોનો શરીરમાં પ્રવેશ થતો નિશ્ચિત પણે અટકાવી શકાય છે.
- આવકના સ્રોત વધારવા એ અનિવાર્ય આવશ્યકતા જરૂર છે, પરંતુ તેના કારણે સતત તનાવપૂર્ણ, જીવન શરીરનો લકવો, હાર્ટ એટેક, આંતરડાની જીવલેણ બીમારીઓને પ્રવેશ આપે છે.
- વ્યશનોથી દૂર રહેવાથી વ્યશન આધારિત દર્દો જેવા કે ટી.બી.,મોંમાં ચાંદા, કેન્સર, દમ, સીરોસીસ ઓફ લીવર, જેવા ગંભીર દર્દો આટકાવી શકાય છે.
- નિયમિત આહાર શૈલી, જંક ફુડથી દૂર રહીને, તથા સ્વાદ આધારિત અભક્ષ્ય ખોરાક નો ઉપયોગ અટકાવી શરીરમાં બેક્ટરીયા,ફુગનો પ્રવેશ અટકાવી શકાય છે.
- જૈન શાસન આધારિત જીવનશૈલી, ઉપભોક્તાવાદ ત્યજીને, સંયમિત,સંતુલિતજીવન જીવવવાથી ઉત્કૃષ્ટ આરોગ્ય જાળવી શકાય છે તથા તંદુરસ્ત શરીરથી ઉચ્ચ સફળતા વ્યવહારિક દુન્યવી તથા આત્મીક સફળતા સિધ્ધ થાય છે.

**- ડો. નવીન શાહ**

# પ્રમુખસ્થાનેથી

હમણાં ક્યાંક વાંચ્યુ હતુ કે સંબંધો વાવેતર જેવા છે. પુરી કાળજી લઈને સિંચન કરવું પડે. માવજતપૂર્વક ઉછેર કરવો પડે અને છતાંયે એવું બને કે સંબંધોના વાવેતર કરમાઈ જાય. સંબંધોમાં પણ ભરતી–ઓટ આવે છે. અંધારા અને અજવાળા પણ આવી જાય છે. ક્યારેક દિલમાં જખમ ઉભો કરી દે એવું બને અને ક્યારેક અચાનક જ કોઈના કુણા વહેવારે મન પ્રસન્ન થઈ જાય, દિલમાં એક પ્રકારની ભીની લાગણી ઉમટી આવે.

ઘણીવાર પ્રશ્ન થાય છે કે સંબંધોના સમીકરણ આમ અચાનક જ કેમ ફરી જાય છે ? બે,ત્રણ અરે ચાર ચાર દાયકાના લગ્નજીવન પછી પતિ–પત્ની અલગ થઈ જવાનો વિચાર કરે. લાંબા સમયથી સાથે વિકસાવેલ ધંધામાંથી ભાગીદાર એક સવારે અલગ થઈ જવાનો પ્રસ્તાવ લાવે. મોટી ઉંમરે મા–બાપને સંતાનથી અલગ રહેવાનું વિચારવું પડે. અચાનક જ પાડોશી સાથેનો વાટકી વહેવાર બંધ થઈ જાય. સ્કૂલ અને કૉલેજકાળમાં મિત્રોથી ઘેરાયેલ રહેતા હોય અને પછી ઉમર વધતા મિત્ર વર્તુળનો વિસ્તાર થવાને બદલે હોય તે પણ વિખરતા જાય. આવી ઘટનાઓ જવલ્લેજ બને છે તેવું નથી. સવાર પડે અને અખબાર વાંચીએ અને સમાચારો અને ઘટનાઓમાં આ બદલાવ નજરે પડે છએ. આ પ્રવાહનું વહેણ વધારે જોર પકડતું જાય છે. ફિલોસોફર અને વડીલો આને કળજુગની અસર કહે છે. મારી દ્રષ્ટિએ તો ડૉક્ટર અને વકીલના વ્યવસાયનો વિકાસ એ સંબંધોના અને ભંગારની પારાશીશી છે. હતાશા, પીડા, નાલેશી અને મજબૂરીની ભાવના મનને નબળું પાડી ડૉક્ટરના સહારે જવાની ફરજ પાડે છે. તો દગો, પ્રપંચ, છેતરપીંડી અને વિશ્વાસઘાતને પરિણામે વકીલોનો સહારો શોધવો પડે છે.

એવું પણ નથી કે આ પરિસ્થિતિ ફક્ત વર્તમાન સમયની છે કે ભૌતિકવાદની ઘેલછાને કારણે છે. પુરાણકાળમાં પણ મહાભારત અને રામાયણની પાર્શ્વભૂમિમાં સંબંધોના બદલાતા સમીકરણો વારંવાર નજરે પડે છે.

હકીકતે આપણામાંથી લગભગ બધાએ ક્યારેક તો આવી પરિસ્થિતિનો સામનો કર્યો જ હશે જ્યારે અચાનક કોઈના બદલાયેલ વર્તન, વાણી અને વ્યવહારથી દિલને ઠેસ લાગી હોય, મન ક્ષુબ્ધ બની ગયું હોય અને કદાચ આંખ ભીની પણ થઈ ગઈ હોય. ઘણીવાર મનને એવું કહીને પણ મનાવી લઈએ છીએ કે કદાચ ગયા ભવના કર્મોના પરિણામે સંબંધઓનું આયુષ્ય પુરૂ થઈ ગયું હશે.

પણ જો આવી પરિસ્થિતિના મૂળમાં જઈએ તો એના કારણોમાં સૌથી પહેલો સ્વાર્થ આવે છે. આ એક માણસજાતની મોટી કમનસીબી છે કે પોતાનો સ્વાર્થ અને હિતની વાત આવે એટલે સઘળું ગૌણ બની જાય છે અને એક વાર સ્વાર્થને કારણે ખોટો વ્યવહાર થઈ જાય એટલે એને છાવરવા જૂઠ, અસત્ય, બનાવટ, પ્રપંચ, છળકપટ અને છેતરપીંડીનાં રસ્તા ખુલતા જ જાય છે. અને પરિણામે ભાગીદારી છૂટી થાય, મા–બાપને ઘરડાઘરે અથવા અલગ રહેવું પડે, સમાજ અને સંગઠ્નનો વહીવટ ખાડે જાય, પતિ–પત્ની અલગ રહે અને સંતાનો તરછોડાઈ જાય, કોઈ કે નોકરીમાંથી રાજીનામું આપવું પડે અથવા બદલી સ્વીકારવી પડે, સદાયના સગા એવા પાડોશી ભવોભવના વેરી બની જાય.

આજના સમયમાં જ્યારે પરિવાર તૂટતા જાય છે અને અલગ રહેવાની મજબૂરી રોકી શકાતી નથી ત્યારે એક સાચા મિત્ર, સાચા સંબંધી, સાચા માણસની જરૂર ચોક્કસ પડે છે.

એક કવિએ કહ્યું છે,

*We all uedd*
*Some Food, Some Sun*
*Some work, Some Fun*
*and some One*

પરિવાર, ધંધો, વ્યવસાય, મિત્ર વર્તુળ, સંગઠન અને સંસ્થામાં એક ખભો એવો જોઈએ જ્યાં ગમે તે પળે ટેકો દઈ શકાય. આવા સંબંધો ત્યારે જ ટકે જ્યારે સ્વાર્થ ત્યારેય આગળ ન આવે, મન મોટા રહે અને દિલ વિશાળ બને. ઘસાઈને ઉજળા થવામાં ગૌરવ છે, મજા છે, આનંદ છે. આપીને મેળવનારા વિરલા આપણી આજુબાજુ ઘણા જો મળશે. તમ–મન–ધનથી નિસ્વાર્થ સેવા કરનારા પણ આપણી આજુબાજુમાં જ છે. આપણે પણ એમાં સામેલ થઈએ એવી હૈયે ભાવના હોવી જોઈએ. સામેના પાત્રમાં વાંક જોવાને  બદલે આપણી ભીતરમાં ડોકીયું કરીશું તે દિવસે સાતે કાંઠે દિવાનું અજવાળું ફેલાશે. કુદરતે અમૂલ્ય રતન જેવી આપેલી આંખોની સાર્થકતા સમજાશે અને અંતે આચાર્ય વિજયભદ્રગુપ્તસૂરિના પુસ્તક "વિચાર–પંખી" માંથી વાંચેલ બે પંક્તિ આ સંદર્ભમાં યાદ આવી જાય છે.

"મનુષ્યો ભાગ ભજવે છે
કદી ઈશ્વરથી ચઢિયાતો !
નિત નવા મોત આપે છે ને,
મરવા પણ નથી દેતો ! "

આપણે સૌ કરીએ એક જ પ્રાર્થના એ પરમાત્માને, મારે આવો માણસ તો નથી જ બનવું.

અસ્તુ.......

# શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ –અમદાવાદ
# વાર્ષિક સામાન્ય સભાની નોટીસ – તા. ૨૫ મે, ૨૦૧૦

સુજ્ઞ સભ્યો,

મંડળની આગામી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૮ જુલાઈ ૨૦૧૦ના રોજ સવારે ૯–૩૦ કલાકે નીચાના સ્થળે રાખવામાં આવી છે.

સ્થળ : વીશા ઓશવાલ કલબ, માણેકબાગ

**સભાની કાર્યસૂચિ નીચે પ્રમાણે રહેશે.**

૧. વર્ષ ૨૦૦૮–૦૯ની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવી.

૨. વર્ષ ૨૦૦૯–૧૦ના ઓડીટ થયેલ હિસાબો મંજૂર રાખવા.

૩. વર્ષ ૨૦૧૦–૧૧ના હિસાબો ઓડીટ કરાવવા માટે ઓડીટરની નિમણુંક કરવી

૪. ટ્રસ્ટી મંડળમાં શ્રી સુબોધભાઈ માનચંદ શાહ (ધોળાસણ)ના અવસાનથી ઉભી થયેલ જગ્યામાં નવા ટ્રસ્ટીની નિમણુંક કરવી.

૫. વર્ષ ૨૦૧૦–૧૧ના ખર્ચ અંગે મંજૂરી આપવી.

૬. કારોબારી સમિતિમાં નવા નિયુક્ત થયેલ સભ્યોની નોંધ લેવી.

૭. હોદ્દેદારોની નિમણુંકને બહાલી આપવી.

૮. પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ કરેલ બાબતો અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવો.

**ખાસ નોંધ**

૧. નોન કોરમ સભા જે તે દિવસે અને જેતે સ્થળે ૩૦ મિનિટ પછી મળશે. તે સભામાં હાજર રહેલ સંખ્યાને પુરતુ કોરમ ગણી સભ્નાની કાર્યવાહી કરવામાં આવશે.

૨. બંધારણની જોગવાઈ અનુસાર દર બે વર્ષે ૧/૩ સભ્યો નિવૃત્ત થાય છે. સામાન્ય સભાએ મંજુર કરેલ ઠરાવ મુજબ નવા સભ્યોની નિમણુંક ટ્રસ્ટી મંડળ તથા કારોબારીના સભ્યોએ નક્કી કરેલ ધોરણો અનુસાર પસંદગી ધ્વારા કરવામાં આવશે. આ અંગે વય, શૈક્ષણિક લાયકાત, સમાજસેવાના ક્ષેત્રે અનુભવ તથા યોગદાન, મંડળની પ્રવૃત્તિઓમાં આપેલ સ્વૈચ્છીત ફાળો જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને પસંદગી કરવામાં આવશે. વહીવટી ક્ષેત્રએ યુવાન સભ્યોને તક મળે તે હેતુસર ૪૫ વર્ષથી નીચેના ઉમેદવારને પ્રથમ તક આપવામાં આવશે.

**ચાલુ વર્ષે નીચેના સભ્યો નિવૃત્ત થાય છે.**

(૧) અશ્વિન પુનમચંદ મહેતા (મહેસાણા)
(૨) હર્ષદ બાબુલાલ શાહ (લણવા)
(૩) ઉદય ઈન્દ્રવદન શાહ (ધોળાસણ)
(૪) બિપિન બાબુલાલ શાહ (કૈયલ)
(૫) પ્રવિણ કાંતિલાલ મહેતા (બોરીયાવી)
(૬) વિનોદ જેસિંગલાલ શાહ (ચાણસ્મા)

ઉપર મુજબની યોગ્યતા ધરાવતા અને મંડળને સેવા આપવા ઈચ્છતા સભ્યોએ કારોબારી સમિતિમાં સભ્યપદ માટે લેખીત નીચેના સરનામે તા. ૩૦ જૂન,૨૦૧૦ સુધીમાં પહોંચાડવા વિનંતી.

**શ્રી ચંદ્રકાંન્ત તારાચંદ શાહ**
એ–૧૮, શિલ્પાલય એપાર્ટમેન્ટ, અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭

## અહેવાલ

રવિવાર, તા. ૧૭ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ શ્રી વિશા શ્રીમાળી ૧૦૮ ના ગોળનું મુંબઈ જૈન મંડળના ઉપક્રમે એક બહુરંગી કાર્યક્રમનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં સવારે ૯–૦૦ કલાકે ભાઈદાસ હોલ, વિલેપાર્લા ખાતે "મારે જાવુ પેલે પાર" નાટકનો શો રાખવામાં આવ્યો હતો સાથે સાથે સમાજના ઉદારદિલ દાતા શેઠશ્રી રમણલાલ કેશવલાલ શાહ (વડસ્મા) પરિવારનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પરિવારના રત્ન સમાન પુત્ર સ્વર્ગસ્થ શ્રી અરવિંદભાઈની જીવનગાથાને વણી લેતી ટૂંકી ડોક્યુમેન્ટરી પણ દર્શાવવામાં આવી હતી. જે જોઈને પ્રત્યેક પ્રેક્ષકનાં દિલમાં આ પરિવાર તથા સ્વ. શ્રી અરવિંદભાઈ પ્રત્યે વિશેષ આદરભાવ પેદા થયો હતો.

આ સાથે સમગ્ર ૧૦૮ ના સમાજને આવરી લેતી વેબસાઈટ પણ લોંચ કરવામાં આવી હતી. આ વેબસાઈટ સૌ માટે ઉપયોગી થઈ પડશે એવું જણાય છે.

આ પ્રસંગે મુંબઈ મંડળના ખાસ આમંત્રણને માન આપીને આપણા મંડળના પ્રમુખશ્રી ભૂપેન્દ્ર એમ. શાહ હાજર રહ્યાં હતા, તેમજ અન્ય આમંત્રિતોની સાથે તેમના હાથે પણ દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતું.

# શ્રધ્ધાંજલિ

## સ્વ. શ્રી સુબોધભાઈ માનચંદશાહ

આપણા મંડળના આજીવન શુભેચ્છક, વર્તમાન ટ્રસ્ટી મંડળના સભ્ય અને ઉદારદિલ સહયોગી એવા શ્રી સુબોધભાઈ માનચંદ શાહની વિદાયથી મંડળ દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવે છે.

મંડળના વિકાસ અને પ્રગતિ માટે સદાય તત્પર અને પ્રેરણાદાતા એવા શ્રી સુબોધભાઈએ મંડળને હરહંમેશ તન–મન–ધનથી યોગદાન આપી મંડળની વિકાસયાત્રામાં પાયાનું ચણતર કરેલ છે. જ્યારે જ્યારે મંડળે એમના સહયોગની આશા રાખી છે ત્યારે ત્યારે એમણે ખૂબ જ ઉત્સાહપૂર્વક અને સાચી મદદની ભાવના સાથે સુંદર પ્રતિસાદ આપ્યો છે. છેલ્લા દસકામાં મંડળે જે નામના અને ચાહના મેળવી છે તેમાં શ્રી સુબોધભાઈ જેવા સમાજના સુજ્ઞ અને સખાવતી સભ્યોનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આવા હિતેચ્છુ અને આધારસ્તંભ જેવા વડીલની વિદાયથી સમાજ અને મંડળને સાચે જ મોટી ખોટ પડી છે. સરળ સ્વભાવી, નિરાભિમાની અને વ્યાવહારિક દ્રષ્ટિકોણ ધરાવતા શ્રી સુબોધભાઈની જીવનશૈલી સાવ નિરાળી હતી. આડંબરનો અભાવ અને વર્તનમાં બાળ સહજ નિર્દંભતા એ એમની આગવી ઓળખ હતી. સ્વપ્રયત્ને પોતાના કારોબારમાં એક નામ ઉભું કરીને સૌની ચાહના મેળવી ચૂકેલ એવા આપણા પરિવારના મોભીની વિદાયથી આપ સૌ આઘાત અને ગમગીની અનુભવતા હશો તે સ્વાભાવિક છે. આ પળે સમગ્ર સમાજ, ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિ એકજ પ્રાર્થના કરે છે કે પરમકૃપાળુ પરમાત્મા આપને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે અને એમણે કરેલ સદ્કાર્યોની સુવાસમાં એમની યાદ સદા અમર રહે.

અંતમાં સદ્ગતનાં આત્માને ચિરશાંતિ મળે અને એ પરમજીવ મોક્ષમાર્ગી બને એજ અભ્યર્થના.

## સ્વ. શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ

આપણા મંડળની સાથે છેલ્લા કેટલાયે વર્ષોથી સંકળાયેલ રિધ્ધમ પ્રવાસના મોભી એવા **શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ**ની અણધારી વિદાય સાચેજ આંચકારૂપ છે. તેમની વિદાયથી સમગ્ર જૈન સમાજને એક મોટો આઘાત લાગ્યો છે. આપણાં મંડળના લગભગ બધાજ કાર્યક્રમોના આયોજનની સફળતામાં શ્રી કેતનભાઈનો ફાળો ક્યારેય વિસરાય તેમ નથી. પ્રવાસ, ભોજન સમારંભ, તપસ્વી બહુમાન જેવા બધા જ પ્રસંગે એમની હાજરી હોય જ. ખૂબ નિખાલસ, સહૃદયી, હસમુખા અને સદાયે શાંત મુદ્રામાં પ્રસન્નતા વેરતા શ્રી કેતનભાઈની વિદાય સાચેજ વસમી છે. પરમાત્મા તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે અને એમનો આત્મા ચિરશાંતિ પામે એવી પ્રાર્થના.

## વડીલશ્રી રમણભાઈ કે. શાહ તથા પરિવાર -મુંબઈ

આપના સુપુત્ર શ્રી અરવિંદભાઈની અણધારી વિદાય સમગ્ર ૧૦૮ પરિવારને માટે આઘાત અને શોકની અનુભૂતિ થાય એવી દુઃખદ ઘટના છે. સમગ્ર સમાજ પોતાનો સ્વજન ગુમાવ્યો હોય તેવી પીડા અનુભવે ત્યારે આપ તથા આપના પરિવારના દુઃખની કલ્પના કરવી અત્યંત મુશ્કેલ છે. મધ્યાહને સૂર્યનો અસ્ત થાય, મધદરિયે નાવ ડૂબી જાય, મહેંક્તા પુષ્પો અચાનક કરમાઈ જાય ત્યારે જે અનુભૂતિ થાય તેવી આ દુઃખભરી ઘટના છે. આપ તથા આપના પરિવારને પરમકૃપાળુ આ આઘાત સહન કરવાની શક્તિ અર્પે એવી અમારી સૌની અંતરથી પ્રાર્થના છે.

સ્વ. શ્રી અરવિંદભાઈની જીવનગાથા સૌને માટે પ્રેરણાદાયક અને અનુમોદના કરવા લાયક હતી. માતા–પિતાને જ સર્વસ્વ જાણીને, એમની સંસ્કાર કેડીએ સફળતાપૂર્વક આગળ વધતા રહ્યા, ધર્મ–ગુરૂ અને પરમાત્માનું સદા આલંબન રાખીને સુકૃત્યો કરતા જ રહ્યા. સ્વના ઉત્કર્ષને ગૌણ ગણીને સૌના ઉત્કર્ષની ખેવના રાખી. ધાર્મિક ક્ષેત્રે વિશિષ્ટ અનુષ્ઠાનો આદર્યા તો સામાજિક ક્ષેત્રે પણ ખૂબ યોગદાન આપ્યું. પરમાત્માની કૃપારૂપ મળેલ લક્ષ્મીના પ્રસાદનો એવી રીતે સદવ્યય કર્યો કે સેવા અને સુકૃતનાં એક પણ ક્ષેત્રની સ્પર્શના નહીં કરી હોય એવું બન્યું નથી.

પ્રત્યક્ષ તો એ પુણ્યાત્માનો સંપર્ક કે સહવાસ કરવાની તક મળી નથી, પણ એ ભવ્યાત્મા માટે જે કાંઈ સાંભળ્યું છે, વાંચ્યું છે અને જાણ્યું છે તે થકી એટલું ચોક્કસ કહી શકાય કે બહું ઓછા વિરલા આવું ઝળહળતું જીવન જીવી શક્યા હોય છે. સ્વ. શ્રી અરવિંદભાઈનું સમગ્ર જીવન જાણે સૌની ઋણમુક્તિ માટે જ જીવ્યા હોય તેવું અજોડ અને બેમિસાલ બની રહ્યું. સ્વ. ની વિદાયથી સર્જાયેલ શુન્યાવકાશને કોઈપણ પ્રકારે ભરી તો ન જ શકાય. પરંતુ એમના સત્કાર્યોની સુવાસે એમની હાજરીની મહેંકનો અનુભવ ચોક્કસ થતો રહેશે.

સ્વ. શ્રી અરવિંદભાઈ જેવા વિરલ આત્માઓનું મોક્ષમાર્ગે થતું પ્રયાણ રૂદન,શોક અને ગ્લાનીથી કલુષિત ન કરતા એમના સંસ્કાર, સત્કાર્ય અને સ્વભાવને સતત યાદ કરતા રહી એમના જેવા બનવાનો થોડો ઘણો પણ પ્રયાસ કરીએ તો એ સાચી શ્રધ્ધાંજલી બની રહેશે. સમયનીસરી જતી રેતી પર અમીટ છાપ મુકી જનાર શ્રી અરવિંદભાઈને માટે એટલું કહી શકાય કે

*Lives of great men, all remind us*
*We can make our lives sublime*
*And departing leave behind us,*
*Footprints on the sands of time*

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ અર્પે એજ અભ્યર્થના.

# શ્રી સુબોધભાઈ માનચંદ શાહ સાધર્મિક સહાય ફંડ

આપણા મંડળના વર્તમાન ટ્રસ્ટી, સદાયે મંડળના હિતચિંતક એવા શ્રી સુબોધભાઈ માનચંદ શાહે તા. ૧૭-૧-૨૦૧૦ ના રોજ આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી હતી. તેમની વિદાયથી મંડળને ખૂબ જ મોટી ખોટ પડી છે. સમગ્ર મંડળ, કારોબારી, સમિતિ તથા ટ્રસ્ટીમંડળ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરે છે. સ્વર્ગસ્થનું જીવન ધૂપસળી સમ ઉદાહરણરૂપ બની રહ્યું હતું. તેમણે માન-સન્માનની ક્યારેય ખેવના રાખી ન હતી. આપણા મંડળે છેલ્લા દસકામાં જે કાંઈ પ્રગતિ કરી છે તેમાં શ્રી સુબોધભાઈ જેવા સહૃદયી અને ઉદારદિલ ગુણીજનોનો ફાળો નોંધપાત્ર છે. જ્યારે જ્યારે મંડળને ફંડની જરૂર પડી છે ત્યારે ત્યારે ઉદાર હાથે તેમણે ફાળો આપ્યો છે. "સારા કામમાં મને પૂછવાનું હોય જ નહીં" એ એમનું સદાયનું ટંકશાળી વચન.

શ્રી સુબોધભાઈને શ્રધ્ધાજંલિ અર્પવા તા. ૨૨-૧-૨૦૧૦ ના રોજ જૈન સોસાયટી ક્લબ હોલ ખાતે સભા રાખવામાં આવી હતી. તેમની સેવાને યાદ કરીને તેમની સાથે સંકળાયેલ ઘણા બધા સભ્યો તથા તેમના સ્નેહીજનોએ ભાવભરી અંજલિ આપી હતી. સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાય તેવી ભાવના હૃદયે ધરીને સૌએ ભારે હૈયે પરમાત્માને પ્રાર્થના કરી હતી.

સ્વર્ગસ્થના સહકાર્યોમાં તેમના ધર્મપત્ની શ્રીમતી હંસાબેનનો ફાળો પણ ખૂબજ પ્રશંસનીય અને નોંધપાત્ર હતો. વિચાર, વર્તન, વાણી અને વ્યવહારની શુધ્ધતા એટલે સુબોધભાઈ અને હંસાબેનની આગવી ઓળખ.શ્રીમતી હંસાબેન, સુપુત્રો પરેશ તથા કિરણ અને સૌ પરિવારોજનોને પરમાત્મા આ આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના.

આ પ્રસંગે શ્રી સુબોધભાઈની યાદને જીવંત રાખવાના ઉદ્દેશથી તેમના હૈયામાં સદા વહેતી સંવેદનારૂપ સાધર્મિક સહાય અર્થે એક ફંડની સ્થાપના કરવી એવા પ્રમુખશ્રીના સૂચનને તેમના પરિવારે ઉદારદિલે વધાવી લઈ રૂા. ૫૧,૦૦૦/- નું દાન મંડળને આપ્યું હતું. આ ભાવનાનાં સુંદર પ્રતિસાદ રૂપે નીચેના સભ્યોએ પણ ઉદાર ભાવે પોતાનો ફાળો આપ્યો હતો.

**સુબોધભાઈ માનચંદ શાહ સાધર્મિક સહાય ફંડ**

| | |
|---|---|
| **શ્રી સુબોધભાઈ માનચંદ પરિવાર** | **રૂા. ૫૧,૦૦૦/-** |
| **શ્રી ડૉ. જયેશભાઈ રસીકભાઈ વોરા** | **રૂા.૧૧,૦૦૦/-** |
| **શ્રી મંગળદાસ કસ્તુરચંદ શાહ** | **રૂા.૧૧,૦૦૦/-** |
| **શ્રી ઈન્દ્રવદન કેશવલાલ શાહ** | **રૂા.૧૧,૦૦૦/-** |
| **શ્રી પ્રો. નવીનભાઈ વીરચંદ શાહ** | **રૂા.૧૧,૦૦૦/-** |
| **શ્રી બાબુલાલ અંબાલાલ શાહ** | **રૂા.૫,૦૦૦/-** |
| **શ્રી ચંદુલાલ લહેરચંદ શાહ** | **રૂા.૫,૦૦૦/-** |
| **શ્રી ચંપકલાલ સાંકળચંદ શાહ** | **રૂા.૫,૦૦૦/-** |
| **શ્રી સમીર પી. શાહ** | **રૂા.૫,૦૦૦/-** |

વર્તમાન સમયમાં કોઈપણ સમાજના સામુહિક વિકાસ માટે સમાજના સભ્યોની આર્થિક, સામાજીક, આરોગ્યલક્ષી કે અન્ય જવાબદારી જરૂર પડે ત્યાં સમાજ સ્વયં લઈ લે તે અત્યંત આવશ્યક છે. આપણાં સૌના સામુહિક પુણ્યોદયે આપણાં સમાજમાં આવા ગુણીજનોનો અભાવ નથી. અમારી સમાજના સૌ સભ્યોને હાર્દિક વિનંતી છે કે આ યોજનામાં યથા શક્તિ ફાળો આપે અને તે દ્વારા સમાજના સર્વાંગી વિકાસમાં સહયોગી બને.

## શોક સમાચાર

(૧) સુબોધભાઈ માનચંદ શાહ (ધોળાસણ)
(૨) ચીમનલાલ પુંજરામ શાહ (અંબાસણ)
(૩) પરેશ શાંતિલાલ શાહ (અંબાસણ)
(૪) શાંતાબેન બાબુલાલ શાહ (લાંઘણજ)
(૫) હર્ષદભાઈ સેવંતિલાલ શાહ (ખડદા)
(૬) કમળાબેન માધવલાલ શાહ (ગોરાદ)
(૭) સવિતાબેન ફકીરચંદ શાહ (ધોળાસણ)
(૮) હેમલતાબેન જીતેન્દ્રભાઈ શાહ (લીંચ)
(૯) પુષ્પાબેન કાંન્તિલાલ શાહ (ગાંભુ)
(૧૦) ભરતભાઈ (મહેસાણા)

**પ્રભુ સદ્દગતનાં પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપ એવી પ્રાર્થના.**

બાપુએ છાપામાં વાચ્યુ : કમળાએ મોડાસામાં ૪૫ માણસોનો ભોગ લીધો.
આ વાંચીને બાપુ બોલ્યા : ઈ બાઈ બવ જબરી લાગે છે ?

ભિખારી : બેન ખાવાનું આલો !
મણિબેન : આ બાજુવાળા બેને તો કઈ આપ્યુને ?
ભિખારી : હા, બુન
મણિબેન : તો લે આ દવા એમની રસોઈ ખાઈને લઈ જજે

કાકા : ડૉક્ટર સાહેબ, મને વહેમ રહ્યા કરે છે કે કોઈ મારો પીછો કરે છે.
ડૉક્ટર : એ વહેમ નથઈ તમારું આગલું બિલ બાકી છે એટલે મારો કમ્પાઉન્ડર તમારો પીછો કરે છે ?

એક ભિખારી એક કાકા પાસે આવીને કહે છે :
કાકા કાકા, બસ એક રૂપિયાનો સવાલ છે...
કાક કહે છે :
જા પેલા ગણિતના સરને પૂછ.
રંગે કાળા અને વાળે ધોળા એવા બિરજુ પ્રસાદ યાદવ પશુપાલન ખાતાના મંત્રી થયા એની ખુશીમાં પોતે અડધો ડઝન ભેંસો વચ્ચે ઉભા રહીને ફોટો પડાવ્યો. બીજે દિવસે છાપામાં ફોટો છપાયો નીચે લખેલું :
નવા પશુપાલન મંત્રી. તસ્વીરમાં ડાબેથી ચોથા !

સંતા : વકીલ સાહેબ, તમારી ફી કેટલી છે ?
વકીલ : ત્રણ સવાલના રૂપિયા ૫૦૦૦/–
સંતા : સાહેબ બહુ ન કહેવાય ?
વકીલ : હા, હવે છેલ્લો પ્રશ્ન પૂછી લો !

સવાલ : દુનિયામાં પ્રથમ વાર પ્રેમની શોધ ક્યા દેશમાં થઈ હશે ?
જવાબ : ચીનમાં, કારણ કે એટલે જ પ્રેમમાં વોરંટી જેવું કહ્યું હોતું નથી !

વકીલ : તલ્લાક કરવાના રૂ. ૧૦,૦૦૦ થશે.
પતિ : પાગલ તો નથી થઈ ગયાને ? શાદી કરવાના તો માત્ર રૂ. ૧૦૦ જ થયેલા અને હવે તલ્લાકના રૂ. ૧૦,૦૦ થશે.
વકીલ : જોયું ? સસ્તામાં લેવાનું પરિણામ જોયું ને ?

પિતા (ગુસ્સે થઈને) : કાલે રાત્રે તુ ક્યા હતો ?
પુત્ર : થોડાક મિત્રો જોડે ફરવા ગયો હતો.
પિતા : ભલે પણ તારા એ મિત્રોને સૂચના આપી દે જે કે કારમાં તેની બંગડીઓ ભૂલી ના જાય !

શિક્ષકે કહ્યું : રમેશ એક ટૂંકો નિબંધ લખ કે જેમાં અઠવાડિયાના દરેક વાર વિશે ખોડું લખજે
રમેશે લખ્યું : સોમવારે મા મામાને ઘરે ગઈ હતી ત્યારે પિતાથી એટલો શીરો બનાવાઈ ગયો કે તે મંગળ,બુધ,ગુરૂ,શુક્ર, શનિ અને રવિ સુધી ચાલ્યો.

એક ભાઈએ સંતાસિંહને પૂછ્યું : યાર સંતા તમારી પાસે મોબાઈલ છે છતાં તમે મને લેટર કેમ મોકલ્યો ?
સંતા કહે છે : યાર ક્યાં કરૂ ? મૈને આપ કો ફોન લગાયો તો અંદર સે કીસીને બોલા પ્લીઝ ટ્રાય લેટર !

શેઠ : તમે કોઈને કોઈ બહાનું બતાવી રજાઓ લીધા કરો છો. પહેલાં તમારાં સાસુ મરી ગયાં, પછી દીકરી માંદી પડી, એ પછી સાળાના લગ્નમાં જવા માટે રજા લીધી...
બોલો હવે શાને માટે રજા જોઈએ ?
કર્મચારી : સાહેબ મારાં પોતાનાં લગ્ન છે.

મનો ચિકિત્સક : તમે ખોટા નિરાશ થયા કરો છો તમે જીવનમાં નિષ્ફળ છો જ નહી.
દર્દી : સાચું કહો છો સાહેબ, તમારી ફી ભરી શકનાર નિષ્ફળ હોય જ ક્યાંથી ?

## મંડળને ભેટ

રૂા. ૨૫૦૦/– પ્રજ્ઞેશ પ્રવિણકુમાર કાંન્તિલાલ મહેતા (નાવલી)

રૂા. ૧૦૦૦/– નટવરલાલ અંબાલાલ શાહ (લણવા) લગ્નના ૬૦ વર્ષ નિમિત્તે

રૂા. ૧૦૦૦/– નટવરલાલ અંબાલાલ શાહ (લણવા)

રૂા. ૧૦૦૦/– પ્રવિણચંદ્ર કાંન્તિલાલ મહેતા (નાવલી) – ચિ. પ્રજ્ઞેશને ત્યાં પૌત્ર તેમજ પૌત્રી(જોડીયા)ના જન્મ ખુશાલી નિમિત્તે

રૂા. ૫૦૧/– રજનીભાઈ મંગળદાસ શાહ (ધીણોજ) – ચિ. દિકરી જૈનીના ()માં ઓલ ઈન્ડીયામાં ૨૧મો ક્રમાંક આવ્યો તેની ખુશાલી નિમિત્તે

રૂા. ૫૦૦/– અશ્વિનભાઈ પુનમચંદ મહેતા (મહેસાણા) – ચિ. પુત્ર ડૉ. હાર્દિકના લગ્ન પ્રસંગે

રૂા. ૨૫૦/– ધવલ નરેન્દ્રભાઈ શાહ (લીંચ) – પુત્રી જીગ્નાના જન્મ ખુશઆલી નિમિત્તે

રૂા. ૧૦૧/– જનકકુમાર અમૃતલાલ શાહ (કેલીયાવાસણા) – ચિ. પુત્રી પલકની છઠ્ઠ કરી પાલીતાણાની સાત જાત્રા પ્રસંગે

રૂા. ૧૦૧/– જશવંતલાલ મણીલાલ શાહ (પીલુદરા) – પૌત્રના જન્મ ખુશાલી નિમિત્તે

## નવા સંપર્ક સેતુ

(૧) હીતેશ કેશવલાલ શાહ (લીંચ)
મો. :૯૩૭૬૯૨૪૬૪૧

(૨) જયેશ મહાસુખલાલ શાહ (મહેસાણા)
મો. : ૯૪૨૭૩૧૧૮૭૨

(૩) મીહીર શીરીશકુમાર શાહ (પાંચોટ)
મો. : ૯૦૧૬૭૨૦૩૭૩

(૪) શીરીશકુમાર શાંતિલાલ શાહ (પાંચોટ)
મો. : ૯૩૨૮૨૬૪૩૮૯

(૫) અનીલભાઈ મફતલાલ શાહ ( અંબાસણ)
મો. : ૯૩૨૭૦૩૯૨૭૨

(૬) દીપક આર. શાહ (લીંચ) મો. : ૯૪૨૯૨૦૪૪૫૬

(૭) પંકજભાઈ વીશાભાઈ શાહ (લાંઘણજ)
માં. : ૯૦૯૯૦૯૯૨૦૨

(૮) પરેશકુમાર મણીલાલ શઆહ (નંદાસણ)
મો. : ૯૪૨૯૫૨૫૫૨૭

(૯) રમેશભાઈ અમૃતલાલ શાહ (મણુંદ)
મો. : ૯૯૦૯૦૧૯૦૮૯

(૧૦) અશોકભાઈ શાંતિલાલ મણીયાર (મહેસાણા)
મો. : ૯૯૯૮૪૯૬૦૯૦

(૧૧) મનીષ વિજયભાઈ શાહ (પાંચોટ)
મો. : ૯૪૨૭૦૬૪૩૭૮

(૧૨) સુનીલ કાંન્તિલાલ શાહ (છઠીયારડા)
મો. : ૯૫૫૮૫૩૩૦૨૦,રહે.:૯૬૦૧૭૦૨૯૯૯

(૧૩) જશવંતભાઈ મણીલાલ શાહ ( પીલુદરા)
મો. : ૯૦૧૬૭૧૪૯૭૧

(૧૪) વિરેન્દ્રભાઈ અંબાલાલ શાહ (મોઢેરા)
રહે. : ૨૭૪૮૧૮૮૧

(૧૫) શીરીશભાઈ જયંતિલાલ શાહ (મોઢેરા)
મો. : ૯૯૯૮૭૪૧૧૧૧

(૧૬) રાજેન્દ્રભાઈ ચંપકલાલ શાહ (ધીણોજ)
મો. : ૯૪૦૮૨૨૨૦૪૪

## ૧૦૮ સમાજ ના (નવા સભ્યો)

**(૧) કૌશલ જશવંતભાઈ શાહ (લીંચ)**
એમ./૧૬૫–૧૯૭૩, પ્રતિક્ષા એપાર્ટમેન્ટ, સોલા હાઉસીંગ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૬૩
મો. : ૯૭૧૨૬૮૦૨૬૦, ૯૫૧૦૨૪૦૧૬૫

**(૨) નિલેશ વ્રજલાલભાઈ શાહ (લીંચ)**
૩૦૩, ક્રીષ્નારોટા ફ્લેટ, પ્રેરણાતીર્થ જૈન દેરાસરની બાજુમાં, જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદ–૩૮૦૦૧૫. મો. : ૯૪૨૮૬૬૨૮૨૩

**(૩) જાસ્મીન નીતીનભાઈ શાહ (ડાંગરવા)**
૧૭૯૭, આંબલીની પોળ, રાયપુર ચકલા, રાયપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ મો. : ૯૮૭૯૬૯૨૮૪૮

**(૪) પંકજકુમાર સેવંતિલાલ શાહ (ધીણોજ)**
બી–૧૦, અર્બુદા ફ્લેટ, બેરોનેટ કોમ્પલેક્ષની પાછળ, ટોલનાકા, સાબરમતી, અમદાવાદ–૫.
મો. : ૯૦૯૯૮૫૯૦૩૨ ઓ.:૨૬૪૬૧૯૧૨

**(૫) પ્રજ્ઞેશ પ્રવિણકુમાર મહેતા (નાવલી)**
એ–૪૦૪, સાશ્વત એપાર્ટમેન્ટ, શીવમ રેસીડેન્સીની લાઈનમાં, અમૃત જ્યોત સ્કુલની બાજુમાં, હીરાબાગ,આંબાવાડી,અમદાવાદ–૩૮૦૦૧૫

**(૬) દક્ષેશકુમાર જશવંતલાલ શાહ (લીંચ)**
બી–૧૩, મંગલ સીનેમા રોડ, મનોરથ કોમ્પ્લેક્ષની સામે, સરસપુર, અમદાવાદ–૩૮૦૦૦૧
મો. : ૯૯૨૪૨૨૯૩૩૨

## નુતન ગૃહ પ્રવેશ

**(૧) જીતેન્દ્રકુમાર સોમચંદ શાહ (કૈવલ)**
**સૌરભ જીતેન્દ્રકુમાર શાહ (કૈવલ)**
**વિક્રાંત જીતેન્દ્રકુમાર શાહ (કૈવલ)**
૧૦, શ્રી હરિ એપાર્ટમેન્ટ, ૧૭, વસંતકુંજ સોસાયટી, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭, ટે. નં. : ૨૬૬૩૧૭૭૨

**(૨) શૈલેશ ઘુરાલાલ શાહ (અંબાસણ)**
૧૨/૧૨૮, પૂજન એપાર્ટમેન્ટ, લાવણ્ય સોસાયટીની સામે, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭
ટે. નં. : ૨૬૬૩૨૯૦૯ ઓ. : ૩૦૪૧૧૧૩૦

**(૩) કીર્તીભાઈ મૂળચંદ શાહ (રણુજ)**
૭૭/૯૨૦, પંચવટી એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩

**(૪) કમલ મનહરભાઈ શાહ (ચાણસ્મા)**
એ/૧૨, કુંદન એપાર્ટમેન્ટ–૩, વાસણા બસ સ્ટોપની પાસે, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭
ટે.નં. ૯૦૧૬૫૫૧૭૪૭

**(૫) મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહ (વડાવલી)**
સેક્ટર ૫/૬૫, નિર્ણયનગર, ચાંદલોડીયા રોડ, નવા વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩ મો. : ૯૩૭૭૦૮૯૭૧૨

**(૬) અશોક શાંતિલાલ મણિયાર (મહેસાણા)**
૫૭/૬૭૪, ચીત્રકુટ એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩
ટે. નં. ૨૭૪૮૭૦૮૬ મો. : ૯૯૯૮૪૯૬૦૯૦

**(૭) પ્રશાંત નટવરલાલ શાહ (ધીણોજ)**
બી/૨૫, પદમાવતી નગર, ઈન્દીરાનગર વિભાગ–૨, ઘરડાઘર પાસે, નારોલ હાઈવે, અમદાવાદ મો. : ૯૮૨૪૫૫૯૧૨૫

**(૮) મનીષ મહાસુખલાલ શાહ (ચાણસ્મા)**
એ/૩૦૪, મલ્લીનાથ સેન્ટર, ચંદ્રનગર બ્રીજની બાજુમાં, રંગસાગર રોડ, પાલડી, અમદાવાદ–૭
મો. : ૯૯૨૫૧૩૭૩૦૦
ઓ. : ૬૫૨૩૭૩૦૦,૪૦૦૪૧૦૬૮

**(૯) શશીકાંન્ત પનાલાલ શાહ(ધોળાસણ)**
ડી–૩, માધવ એપાર્ટમેન્ટ, મ્યુનિસીપલ સ્કુલની પાસે, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭
ટે. નં. : ૨૬૬૦૪૬૩૧ મો. :૯૯૯૮૯૬૧૧૯૦

**ખાસ નોંધ :** આપણા સમાજમાં બધાને માહિતગાર કરી શકાય તે આશયથી અવસાન માટેના એસ.એમ.એસ. ૧૦૮ સમાજ દ્વારા કરવામાં આવે છે. પણ કોઈક વખત ટેકનીકલ ખામીને કારણે આવું કરવામાં વિલંબ થાય છે. તો સહકાર આપવા વિનંતી. હવેથી મરણના એસ.એમ.એસ. એક વખત જ કરવામાં આવશે જેમાં ૧૬૦ શબ્દોનો સમાવેશ થશે.

## સગપણ

- હાર્દિક લલીતભાઈ હિંમતલાલ શાહ (વેડા)
  પ્રિયંકા નટવરભાઈ ઠક્કર (અમદાવાદ)
- કુંજલ ચંદ્રકાન્ત જેશંગલાલ મહેતા (બોરીયાવી)
  સજની સ્મીતેશ ચંદ્રકાંન્ત દલાલ (અમદાવાદ)

## શુભ વિવાહ

(૧) વિક્રાન્ત જીતેન્દ્રકુમાર સોમચંદ શાહ (કૈવલ)
શ્રુતિ મહેન્દ્રભાઈ દામોદરદાસ શાહ (ધીણોજ)

(૨) દર્શન કીરીટભાઈ ફકીરચંદ શાહ (કેલીયાવાસણા)
મીંજલ પ્રકાશકુમાર રૂપચંદ શાહ (અમદાવાદ)

(૩) ડૉ. હાર્દિક અશ્વિનભાઈ પુનમચંદ મહેતા(મહેસાણા)
રીના નરેશકુમાર કાંતિલાલ શાહ (વડાવલી)

(૪) ડૉ. હાર્દિક કૌશિકભાઈ નેમચંદ શાહ (કૈવલ)
અંજના મનુભાઈ અમરતલાલ શાહ (વડાવલી)

# જીવન અંગે ગાંઠે બાંધી રાખવા જેવી જેક્સન બ્રાઉનની કલમે લખાયેલી વાતો

- "કેમ છો " કહેવાની પહેલ દર વખતે આપણે જ કરવી જોઇએ.
- શ્રેષ્ઠ પુસ્તકો ખરીદવાની ટેવ રાખો પછી ભલે તે વંચાય કે ન વંચાય.
- કોઇએ લંબાવેલો દોસ્તીનો હાથ ક્યારેય તરછોડવો નહીં.
- બહાદુર બનો અથવા તેવો દેખાવ કરો.
- આનંદમાં આવો ત્યારે વ્હીસલ વગાડતાં શીખો.
- કોઇને પણ આપણી વાત કહેતા પહેલા બે વખત વિચાર કરો.
- મહેણું ક્યારેય ન મારો.
- એક વિદેશી ભાષા શીખી લેવી સારી.
- કોઇપણ આશાવાદીની વાતને તોડી પાડશો નહીં, શક્ય છે કે એની પાસે માત્ર એ એક જ આશા હોય.
- ક્રેડિટ કાર્ડ સગવડ સાચવવા માટે, ઉધારી કરવા માટે નહીં.
- રાત્રે જમતી વખતે ટી. વી. બંધ રાખવો.
- નકારાત્મક પ્રકૃતિના માણસોને મળવાનું ટાળો.
- દરેક રાજકારણીને શંકાની નજરે જુઓ.
- દરેક વ્યક્તિને બીજી તક આપો. ત્રીજી નહીં.
- ટુથપેસ્ટ વાપર્યા પછી ઢાકણું અવશ્ય બંધ કરો.
- સંતાનો નાના હોય ત્યારથી જ તેમને પૈસાની કિંમત અને બચતનું મહત્વ સમજાવી દેવું.
- જે ગાંઠ છોડી શકાય એવી હોય તેને કાપશો નહીં.
- જેને તમે ચાહતા હોય તેની સતત કાળજી લેતા રહો.
- તમને ન પોષાય તો પણ વારંવાર કુટુંબના સભ્યો સાથે પિકનિક પર જવાનું ગોઠવો.
- કોઇપણ કોર્ટ કેસથી હજારો જોજન દૂર રહો.
- ગોસિપ, નિંદા,જુગાર અને કોઇના પગારની ચર્ચાથી દૂર રહો.
- જિંદગીમાં તમોને હંમેશા ન્યાય મળશે જ એવું માનીને ચાલવું નહીં.
- રવિવારે બપોરે સૂઈ જવાનું રાખો.
- રસોડામાં ધોયા વિનાના વાસણો મૂકીને રાત્રે ઊંઘી જવું નહીં.
- લોકોને તમારી સમસ્યાઓમાં રસ નથી હોતો એટલું યાદ રાખો.
- અફસોસ કર્યા વિનાનું જીવન જીવો.
- ક્યારેય હારવાની પણ તૈયારી રાખો.
- મા–બાપ, પતિ–પત્ની કે સંતાનોની ટીકા કરવાનું મન થાય ત્યારે જીભ પર કાબુ રાખો.
- ફોનની ઘંટડી વાગે ત્યારે રિસિવર ઉપાડીને સ્ફૂર્તિભર્યા અવાજે વાત કરો.
- શબ્દો વાપરતી વખતે કાળજી રાખો.
- બાળકોના સ્કૂલના કાર્યક્રમમાં અવશ્ય હાજરી આપો.
- દિવસની શરૂઆત તમારા મનગમતા સંગીતથી કરશો.
- ઘરડાં માણસો સાથે ખૂબ સૌજન્યતાથી અને ધીરજથી વર્તન કરો.
- તમારી ઓફિસે કે ઘરે કોઇ આવે તો એને ઊભા થઇને આવકારો.
- મોટી સમસ્યાઓથી દૂર ભાગો નહીં, મોટી તક એમાં જ હોઇ શકે છે.
- ગંભીર બિમારીમાં ઓછામાં ઓછા ત્રણ મોટા ડૉક્ટરનો અભિપ્રાય લો.
- શારીરિક ચુસ્તી કોઇપણ હિસાબે જાળવો.
- બચત કરવાની શિસ્ત પાળો.
- રેસ્ટોરાંમાં ખરાબ સર્વિસ મળે ત્યારે ટીપ આપવાની ભૂલ કરવી નહીં.
- જે માણસ પગાર ચૂકવે છે તેની ક્યારેય ટીકા ન કરો.
- ઉત્સાહી વિચારો ધરાવતી વ્યક્તિ બનાવાનો પ્રયત્ન કરો. યાદ રાખો કે દરેક વ્યક્તિને તેની સારી બાજુ સાંભળવી ગમે છે.
- સંતાનોને કડક શિસ્ત પાઠ ભણાવ્યા પછી તેમને ઉષ્માપૂર્ણ ભેટવાનું ભૂલશો નહીં.
- અઠવાડિયે એક વખત ઉપવાસ કરો.
- કોઇને બોલાવવા ચપટી વગાડવી નહીં.
- ઊંચી કિંમતવાળી વસ્તુઓની ગુણવત્તા પણ ઊંચી જ હશે એમ માની લેવું નહીં.
- ઘરમાં એક સારો જોડણીકોશ વસાવો.
- વરસાદ પડતો હોય ત્યારે ગાડીની હેડલાઇટ ચાલુ રાખો.
- ઘર પોષાય એટલી જ કિંમતનું લેવું.
- બૂટ હંમેશા પોલિશ્ડ રાખવા.
- મારામારી થાય તો પહેલો મુક્કો આપણે જ મારવાનો અને જોરદાર મારવાનો.
- ગાડી સસ્તી જ વાપરવી.
- ભાષણ આપતાં પહેલા ભોજન કરવું નહીં.
- મત તો આપવો જ.
- સંગીતનું એકાદ વાજિંત્ર વગાડતા આવડવું જ જોઇએ (વાજિંત્રમાં વ્હીસલનો સમાવેશ થતો નથી)
- જમ્યા પછી ઈશ્વરનો આભાર અવશ્ય માનવો.

આજકાલ બધું જ બદલાઈ રહ્યું છે અને વળી ઝડપભેર બદલાઈ રહ્યું છે.

પરિવર્તનની ઝડપને કારણે અક્કલ બહેર મારી જાય તેવું પણ થાય છે.

ઘડપણની વ્યાખ્યા શી ? ઘડપણ એટલે પરિવર્તનને સ્વીકારવાની અને પચાવવાની અશક્તિ, માનવ ઈતિહાસમાં ક્યારે પણ જૂની પેઢીને નવી પેઢી ડાહી લાગી નથી.

જગતનું સૌથી ઘરડું વિધાન આ પ્રમાણે છે:

'આ દુનિયા હવે પહેલા જેવી રહી નથી'

પ્રત્યેક સૂર્યાસ્ત નવું અંધારું મૂકતો જાય છે. પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળું લેતો આવે છે. છાશ પીવાનું ઘટતું જાય છે અને બિયર પીવાનું વધતું જાય છે. ગોળપાપડી ખાવાનું ઘટતું જાય છે અને ચોકલેટ ખાવાનું વધતું જાય છે.

ગાય પાળવાનું ઘડતું જાય છે અને કૂતરા પાળવાનું વધતું જાય છે. ચાલવાનું ઘટતું જાય છે અને 'સ્કૂટરવાનું' વધતું જાય છે. વિચારવાનું ઘટતું જાય છે અને ડાચું વકાસીને ટીવી જોયા કરવાનું વધતું જાય છે. લોહીની સગાઈ અને લગ્નસંબંધની બોલબાલા ઘટતી જાય છે અને મનમેળના માનપાન વધથાં જાય છે.

માબાપની કડકાઈ ઘટતી જાય છે અને સંતાનોની જોહુકમી વધતી જાય છે.

ભાખરીની જગ્યાએ બ્રેડ અને ઢેબરાની જગ્યાએ પિઝ્ઝાનું ચલણ વધતું જાય છે.

લીંબુનું શરબત એકાએક લિમકા બની જાય છે.

યુગલ હોય એવા કપ-રકાબીની જગ્યાએ વાંઢો 'મગ' આવી જાય છે. ઘરે ઘરે ગૃહિણીઓ કહેતી થઈ છે: 'આજે બહાર જમી આવીએ' સ્કૂટર નારી મુક્તિનું વાહન બની રહ્યું છે.

જૂની આંખે નવા તમાશા જોવાની પણ એક મજા હોય છે. આવી મજા ન માણી શકે તેવી અવસ્થાને ઘડપણ કહેવામાં આવે છે. ઘડપણ મનની અવસ્થા છે.

નવી પેઢીને ઓરડા છોડતી વખતે સ્વિચ ઓફ કરવાની ટેવ હોતી નથી. કેટલાક ઘરોમાં ઉંમરલાયક વડીલ સતત સ્વિચ ઓફ કરતા જ રહે છે.

બાથરૂમમાં દિવસે પૂરતું અજવાળું હોય તોય લાઈટ ચાલુ કરીને સ્નાન કરવાનું નવી પેઢીના યુવક યુવતીઓને ગમે છે.ઓછા પાવરનો બલ્બ એમને બિલકુલ ગમતો નથી.

શિયાળામાં પણ ફ્રીજનું ઠંડુ પાણી પીવાનું એમને ગમે છે. શિયાળામાં પણ પંખો ચાલુ રાખીને સૂઈ જવાનું વ્યસન કેળવાતું જાય છે. પૈસા વધારે ખર્ચાઈ જાય તે અંગેની યુવાની લાપરવાહી વડિલોને અકળાવે છે. જૂની પેઢીને બગાડ પજવે છે, નવી પેઢીને બગાડ પજવતો નથી. જમાઈઓ દીકરા જેવા થતા જાય છે અને દીકરાઓ જમાઈ જેવા થતા જાય છે.

એક મિત્રે કહેલું : ટીવીને કારણે મારી નવ વર્ષની છોકરી રાતોરાત અઢાર વર્ષની થઈ ગઈ !

હનિમૂન પર જઈ આવ્યા પછી તરત જ છૂટાછેડા લેવાય તેવા બનાવો વધતા રહેવાના છે. આવું બધું વાંચીને મોટેરાઓએ અકળાવાની જરૂર નથઈ. જીદગીભર કણસતા રહીને પતિ-પત્ની સંસાર વેંઢારે તેના કરતાં છૂટાં પડી જાય તેમાં કશું ખોટું નથી

પવન,ઝરણું અને વાદળ તો વહેતાં જ રહેવાના છે. ટીવીની સિરિયલ જોઈએ.

# • ઓડીટર્સ રીપોર્ટ •
## તારીખ ૩૧મી માર્ચ સને ૨૦૧૦ના રોજ પુરા થતા વર્ષના હિસાબો

**ટ્રસ્ટનું નામ : શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ**

**રજીસ્ટર નંબર : એ-૧૬૯૭-અમદાવાદ**

અમોએ શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદના તારીખ ૩૧મી માર્ચ સને ૨૦૧૦ના રોજ પુરા થતા વર્ષના હિસાબો તપાસ્યા છે અને અમો રીપોર્ટ કરીએ છીએ કે :

૧) ટ્રસ્ટ એક્ટના કાયદા અને કાનુન મુજબ હિસાબો નિયમિત રીતે રાખવામાં આવ્યા છે.

૨) ટ્રસ્ટની આવક તથા ખર્ચ ચોપડામાં યોગ્ય અને રીતે બતાવવામાં આવ્યા છે. ટ્રસ્ટના ઉપજ-ખર્ચના હિસાબમાં દર્શાવેલ આવકો તથા ખર્ચાઓ રોકડ પધ્ધતિ અનુસાર ચોપડે નોંધવામાં આવ્યા છે. રોકાણો તથા ફીક્સ્ડ એસેટસ સરવૈયામાં પડતર કિંમતે દર્શાવવામાં આવી છે. આ રીપોર્ટમાં દર્શાવેલ વિગતને આધિન તા: ૩૧-૩-૨૦૧૦ના રોજનું સરવૈયું તેમજ તે દિવસે પુરા થયેલ વર્ષનો ઉપજ-ખર્ચનો હિસાબ અનુક્રમે ટ્રસ્ટની નાણાંકીય પરિસ્થિતિનો તેમજ ઉપજ-ખર્ચનો સાચો અહેવાલ રજુ કરે છે.

૩) ઓડીટ કર્યાની તારીખે ટ્રસ્ટીઓ પાસેની સિલક તથા વાઉચરો ચોપડા પ્રમાણે બરાબર માલુમ પડ્યા છે.

૪) અમોને જોઈતા ચોપડાઓ, દસ્તાવેજો, હિસાબો વાઉચરો તથા દફતરો અમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે.

૫) ટ્રસ્ટની જંગમ મિલ્કતની ટ્રસ્ટીઓની સહીવાળી પ્રમાણિત યાદી રજુ કરવામાં આવી છે.

૬) ટ્રસ્ટના મંત્રીશ્રી ચંદ્રકાંન્ત ટી. શાહે હાજર રહી અમોને જોઈતી સઘળી માહિતી તથા ખુલાસાઓ સંતોષકારક રીતે આપ્યા છે.

૭) ટ્રસ્ટની મિલ્કત તથા ફંડનો ઉપયોગ ટ્રસ્ટના ઉદેશ તથા હેતુ સિવાય બીજા કોઈપણ ઉદેશ કે હેતુ માટે કરવામાં આવ્યો નથી.

૮) એક વર્ષની મુદત ઉપરાંતનું લેણું નથઈ. જ્યારે વર્ષ દરમ્યાન કોઈપણ લેણું માંડીવાળવામાં આવ્યું નથી.

૯) રૂા. ૫,૦૦૦/- થી વધુ રકમનું બાંધકામ તથા મરામત ખર્ચ કરવામાં આવ્યું નથી.

૧૦) ટ્રસ્ટના નાણાંનું રોકાણ ટ્રસ્ટ એક્ટની કલમ-૩૫ વિરૂધ્ધ કરવામાં આવ્યું નથી.

૧૧) ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની હેરફેર, વેચાણ કલમ-૩૬ વિરૂધ્ધ કરવામાં આવ્યું હોય એમ અમારી જાણમાં આવ્યું નથી.

**મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાું.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

### પરિશિષ્ટ-૯ક

(જુઓ નિયમ ૩૨)

તારીખ ૩૧-૩-૨૦૧૦ ના રોજ પુરા થતા વર્ષ માટે ફાળો આપવા જોગ આવકનું પત્રક

**સાર્વજનિક ટ્રસ્ટનું નામ :** શ્રી વીસા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ • **નોધણી નંબર :** એ-૧૬૯૭-અમદાવાદ

| | રૂા. | પૈ. | રૂા. | પૈ. |
|---|---|---|---|---|
| **એકંદર વાર્ષિક આવક (ગ્રોસ)** | | | ૪૪૭૮૯૫ | ૮૧ |
| **બાદ: ફાળા માટે મુક્ત આવકની વિગતો** | | | | |
| ૧. સ્થાપિત ફંડોને મળેલા દાન | ૨૪૦૨૦૧ | ૦૦ | | |
| ૨. દાન | ૧૦૭૨૧૧ | ૦૦ | | |
| ૩. સરકારે અને સ્થઆનિક સંસ્થાઓએ આપેલી ગ્રાન્ટો | --- | -- | | |
| ૪. સીકીગ ફંડ અને ઘસારા ફંડનું વ્યાજ | --- | -- | | |
| ૫. કેળવણી વિષયક હેતુ માટે ખર્ચેલ રકમ | ૧૩૫૦૦ | ૦૦ | | |
| ૬. રદકીય હેતુ માટે ખર્ચેલ રકમ | ૧૦૦૦૦ | ૦૦ | | |
| ૭. ખેતીવાડીના હેતુ માટે વપરાતી જમીનની આવકમાંથી કપાતો | | | | |
| (અ) જમીન મહેસુલ અને લોકલ ફંડ રોસ | --- | -- | | |
| (બ) પટે રાખેલી જમીન ઉપર આપવાનું ભાડુ | --- | -- | | |
| (ક) ટ્રસ્ટ તરફથી જમીન ખેડવામાં આવતી હોય તો ઉત્પાદનમાં ખર્ચ | --- | -- | | |
| ૮. બીન ખેતીવાડીના હેતુ માટે વપરાતી સ્થાવર મિલ્કત | | | | |
| (જમીનો તથા મકાનો) ની આવકમાંથી કપાતો | | | | |
| (અ) આકારણી સેસ અને બીજા સરકારી અથવા મ્યુ. કરો | | | | |
| (બ) જમીનભાડું | | | | |
| (ક) વિમાનું પ્રિમિયમ | --- | -- | | |
| (ડ) મકાનનો એકંદર ભાડાના ૮।। ટકા દરે મરામત ખર્ચ | --- | -- | | |
| (ઈ) ભાડે આપેલા મકાનનો એકંદર ગ્રોસ ભાડાના ૪ ટકાના | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| દરે ભાડું ઉઘરાવવાનું ખર્ચ | | | | |
| ૯. એક ટકાના દરે સીક્યુરીટી સ્ટોક વગેરેમાંથી થયેલ આવક અથવા મળેલ રકમ વસુલ કરવાનું ખર્ચ | --- | -- | | |
| ૧૦. ભાડે નહી અપાયેલ અને બીન આવકવાળા તથા પોતે વાપરતા મકાનના એકંદર અંદાજેલા વાર્ષિક ભાડાના ૮ાા ટકાના દરે મરામત માટે કપાત | | | ૩૭૦૯૧૨ | ૦૦ |
| **ફાળો આપવા જોગ આવક** | | | **૭૬૯૮૩** | **૮૧** |

**તારીખ : ૧૧-૦૫-૨૦૧૦,** **મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાં.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## પરિશિષ્ટ-૮

### ફંડો તથા જવાબદારીઓ

| | | |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલ્કત ફંડ : | - | |
| બીજા અંકીત કરેલા ફંડો : | | |
| શીડ્યુલ-૧ મુજબ | ૧૨૭૦૪૯૫. | ૩૪ |
| જવાબદારીઓ : | | |
| નોટબુક એડવાન્સ | ૫૦૦૦. | ૦૦ |
| | **૧૨૭૫૪૯૫.** | **૩૪** |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા તથા જાણ પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લેણાંનો સાચો અહેવાલ રજુ કરે છે.

**તારીખ : ૧૧-૦૫-૨૦૧૦,** **મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાં.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

### સરવૈયુ

### મિલ્કત તથા લેણાં

| | | | | |
|---|---|---|---|---|
| **સ્થાવર મિલ્કત :** | | | | |
| **રોકાણો :** | | | | |
| શીડ્યુલ-૨ મુજબ | | | ૧૦૮૪૩૪૦ | ૦૦ |
| **ડેડસ્ટોક તથા ફર્નીચર :** | | | | |
| વસુલ નહીં આવેલ ઉપજ | | | | |
| પ્રગતિ મેગેઝીન જાહેર ખબરના | ૧૦૪૦૦ | ૦૦ | | |
| ટેલીફોન ડીરેક્ટરી જાહેરખબરના | ૧૨૩૦૦ | ૦૦ | | |
| નોટબુક જાહેરખબરના | ૧૭૫૦૦ | ૦૦ | ૪૦૨૦૦ | ૦૦ |
| **વ્યાજ કપાત** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૩૫૦૮ | ૦૦ |
| **રોકડ તથા અવેજ :** | | | | |
| દેના બેન્ક એલીસબ્રીજ શાખા | | | | |
| સે.ખા.નં. ૪૦૧૬૭૬ | ૧૦૦૪૩૨ | ૯૬ | | |
| એચ.ડી.એફ.સી બેન્ક નવરંગપુરા | | | | |
| શાખા ખા. નં. ૦૦૬૧૦૦૦૧૯૬૭૭૮ | ૩૦૩૨૧ | ૫૭ | | |
| રોકડ હાથ ઉપર | ૭૨૯ | ૦૦ | ૧૩૧૪૮૩ | ૫૩ |
| **ઉપજ-ખર્ચ ખાતે** | | | | |
| ચાલુ સાલે ખર્ચનો ઉપજ કરતાં વધારો | ૨૨૦૧૭ | ૧૯ | | |
| બાદ : ગઈ સાલની જમા બાકી | ૬૦૫૩ | ૩૮ | ૧૫૯૬૩ | ૮૧ |
| | | | ૧૨૭૫૪૯૫ | ૩૪ |

## શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

| | | | | |
|---|---|---|---|---|
| **પરિશિષ્ટ–૮માં દર્શાવેલ શીડ્યુલો :** | | | | |
| **શીડ્યુલ–૧ : બીજા અંકીત કરેલા ફંડો** | | | | |
| **અ) કાયમી ફંડ :** | | | | |
| કાયમી ફંડ ખાતે | | | | |
| ગઈ સાલની બાકી | ૪૩૧૪૮૭ | ૦૦ | | |
| ઉમેરો : ચાલુ સાલે કાયમી | | | | |
| મેમ્બરશીપ ફી | ૭૧૦૦ | ૦૦ | | |
| કાયમી સભ્યોની દાખલ ફી | ૧૧૦૦ | ૦૦ | ૪૩૯૬૮૭ | ૦૦ |
| **કાયમી કેળવણી ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૮૦૦૦૫ | ૦૦ |
| **શ્રી તારાબેન કાંતિલાલ મહેતા કાયમી** | | | | |
| **સ્કોલરશીપ ફંડ ખાતે** | | | | |
| ચાલુ સાલે ભેટ | | | ૧૫૦૦૦૦ | ૦૦ |
| **કાયમી નોટબુક યોજના ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૨૫૦૦૦ | ૦૦ |
| **મંત્રીશ્રી બાબુલાલ મેડીકલ** | | | | |
| **કોપર્સ ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૩૬૭૩૨૦ | ૦૦ |
| **શ્રી સુબોધભાઈ મુળચંદ શાહ કાયમી** | | | | |
| **સાધર્મિક ફંડ ખાતે** | | | | |
| ચાલુ સાલે ભેટ | | | ૮૨૦૦૧ | ૦૦ |
| **ચાલુ ફંડ** | | | | |
| **કેળવણી ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૧૨૬૧૮૦ | ૩૪ |
| | | | ૧૨૭૦૧૯૫ | ૩૪ |
| **શીડ્યુલ–૨ : રોકાણો :** | | | | |
| એચ.ડી.એફ.સી. ડીપોઝીટ | | | ૨૪૨૯૪૦ | ૦૦ |
| ગૃહ ફાઈનાન્સ લી. ડીપોઝીટ | | | ૭૦૦૦૦૦ | ૦૦ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લી. | | | ૧૪૧૪૦૦ | ૦૦ |
| | | | **૧૦૮૪૩૪૦** | **૦૦** |

**તારીખ : ૧૧–૦૫–૨૦૧૦,** **મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાં.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

### તારીખ ૩૧–૩–૨૦૧૦ના રોજ પુરા થતા વર્ષનો

### પરિશિષ્ટ–૯ – ઉપજ

| | | | | |
|---|---|---|---|---|
| **વ્યાજ ખાતે** | | | | |
| એચ.ડી.એફ.સી. ડીપોઝીટ વ્યાજ | ૯૪૪૦ | ૦૦ | | |
| સરદાર સરોવર બોન્ડ વ્યાજ | ૨૯૪૨૭ | ૦૦ | | |
| બેન્ક સે. વ્યાજ | ૧૮૧૫ | ૦૫ | | |
| ગૃહ ફાઈનાન્સ લી. ડીપોઝીટ વ્યાજ | ૫૩૧૩૦ | ૦૦ | | |
| **દાન :** | | | | |
| રોકડ તથા વસ્તુ રૂપે મળેલ દાન : | | | | |
| **કાયમી દાન** | | | | |
| કાયમી મેમ્બરશીપની રકમ | ૭૧૦૦ | ૦૦ | | |
| કાયમી સભ્યોની દાખલ ફીના | ૧૧૦૦ | ૦૦ | | |
| શ્રી સુબોધભાઈ મુળચંદ શાહ કાયમી | | | | |
| સાધાર્મિક ફંડ ખાતે | ૮૨૦૦૧ | ૦૦ | | |

| | | | | |
|---|---|---|---|---|
| શ્રી તારાબેન કાંતિલાલ મહેતા કાયમી | | | | |
| સ્કોલરશીપ ફંડ ખાતે | ૧૫૦૦૦૦ | ૦૦ | ૨૪૦૨૦૧ | ૦૦ |
| **ચાલુ દાન :** | | | | |
| ચાલુ ભંડોળ ખાતે | ૭૨૧૧ | ૦૦ | | |
| શૈક્ષણિક સહાય ખાતે ભેટ | ૧૦૦૦૦૦ | ૦૦ | ૧૦૭૨૧૧ | ૦૦ |
| **બીજી આવક** | | | | |
| પ્રગતિ માસિક જાહેરાત | ૨૩૦૦ | ૦૦ | | |
| રોકાણ ઈન્સેટીવની આવક | ૪૩૭૧ | ૭૬ | ૬૬૭૧ | ૭૬ |
| | કુલ ગ્રોસ આવક | | ૪૪૭૮૯૫ | ૮૧ |
| **ઘટાડો :** | | | | |
| ઉપજનો ખર્ચ કરતાં ઘટાડો જે | | | | |
| સરવૈયામાં ઉપજ–ખર્ચ ખાતે લઈ ગયા | | | ૨૨૦૧૭ | ૧૯ |
| | | | **૪૬૯૯૧૩** | **૦૦** |

**તારીખ : ૧૧–૦૫–૨૦૧૦,** **મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાં.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

### ઉપજ–ખર્ચનો હિસાબ

| | | | | |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચ :** | | | | |
| પોસ્ટેજ ખર્ચ | ૧૦૯૧૬ | ૦૦ | | |
| પ્રીન્ટીંગ સ્ટેશનરી ખર્ચ | ૪૩૦૯ | ૦૦ | | |
| બેંન્ક ચાર્જીસ | ૧૩૪ | ૦૦ | | |
| એસ.એમ.એસ. ખર્ચ | ૬૦૦૦ | ૦૦ | ૨૧૩૯૫ | ૦૦ |
| **ઓડીટ ફી :** | | | ૩૫૮૫ | ૦૦ |
| **ફાળો અને ફી :** | | | ૧૬૯૩ | ૦૦ |
| **પરચુરણ ખર્ચ** | | | ૩૬૭૦ | ૦૦ |
| **રીઝર્વ તથા અંકીત કરેલા ફંડો :** | | | | |
| સામે દર્શાવ્યા મુજબ કાયમી ભેટ | | | ૨૪૦૨૦૧ | ૦૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ** | | | | |
| નોટબુક ખાતે નુકશાની | ૨૭૦૦ | ૦૦ | | |
| મેળાવડો તથા તેજસ્વી વિદ્યાર્થી બહુમાન ખર્ચ | ૬૨૮૭૦ | ૦૦ | | |
| રમત–ગમત પ્રમોશન ખર્ચ | ૫૦૦૦ | ૦૦ | | |
| અભિવાદન નેટ ખર્ચ | ૧૨૨૦ | ૦૦ | | |
| વૈદકીય ખર્ચ | ૧૦૦૦૦ | ૦૦ | | |
| સેમીનાર ખર્ચ | ૧૧૫૬૫ | ૦૦ | | |
| શૈક્ષણિક મદદ ખર્ચ | ૭૭૫૦૦ | ૦૦ | | |
| મેડીકલ હેતુ સારૂ અન્ય ટ્રસ્ટને ભેટ | ૫૩૦૦ | ૦૦ | | |
| પ્રગતિ મેગેઝીન ખર્ચ (નેટ) | ૯૨૫૦ | ૦૦ | | |
| આર્થિક સહાય | ૫૦૦ | ૦૦ | | |
| શૈક્ષણિક ખર્ચ ઈનામ ખર્ચ | ૧૩૫૦૦ | ૦૦ | ૧૯૯૪૦૫ | ૦૦ |
| | | | **૪૬૯૯૧૩** | **૦૦** |

અમારા આજ તારીખના આ સાથેના રીપોર્ટ મુજબ

અમદાવાદ

**તારીખ : ૧૧–૦૫–૨૦૧૦,** **મેસર્સ દૈવેશ એન. શાહ એન્ડ કાં.** ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

# મંત્રીશ્રીના મેજથી

સુજ્ઞ જ્ઞાતિજનો,

થોડાક અંતરાલ બાદ આપણે સંસ્કાર જ્યોતના માધ્યમ દ્વારા મળી રહ્યા છીએ. અંતરમાં ઘણી ઉમ્મીદો છે. સમાજની સમૃધ્ધિને વર્તમાન છે તેનાથીયે અનેકગણી વધારે ઊંચાઇઓ સર કરતી જોવાની.

માધ્યમો દ્વારા જાણી શકાય છે કે હિન્દુસ્તાન દરેક ક્ષેત્રમાં આગળ ધપતું જાય છે. આપણે પણ ૧૦૮ સમાજવાસીઓ પ્રગતિના પંથે જતા સમાજના અંશ છીએ. આપણો સમાજ પણ પ્રગતિની હરણફાળભરી રહ્યો છે. તે આપણા નવ યુવાન–યુવતીઓનું શિક્ષણક્ષેત્રે બહુમુલ્ય પ્રદાન જોતાં ખ્યાલ આવે છે. ખાસ તો સમાજમાં સ્ત્રી–શક્તિનું મુલ્યાંકન ધ્યાન ખેંચે તેવું છે.

ગઈસાલ આપણે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન કર્યું તે સમયે યુવતિઓની કેળવણી ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિઓ જોતાં સ્ત્રી કેળવણી ક્ષેત્રે આપણો સમાજ ઘણો આગળ છે તે જણાઈ આવે છે.

કોઈ સમુહ અથવા સમાજનું નેતૃત્વ સમાજ કે સમુહની પ્રગતિ માટે બહુ ઊંચું મૂલ્ય ધરાવે છે. આપણે બધાને ગૌરવ સમાન ગુજરાતની સ્વર્ણિમ ગાથા માધ્યમો દ્વારા જોઈ શકીએ છીએ. ગુજરાતે સ્થાપનાથી પચાસ વર્ષમાં લગભગ બધા જ ક્ષેત્રે સુંદર પ્રગતિ કરી છે. – આપણો ૧૦૮નો સમાજ પણ આ પ્રગતિસાધક મોટા સમાજનું અંગ છે. આપણા ૧૦૮ સમાજની પ્રગતિનું મને ગૌરવ છે. ૧૦૮ સમાજને ક્યા ક્ષેત્રે વધુ આગળ વધવું જોઈએ તે સમજી વિચારીને અમો કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. તા. ૨–૫–૨૦૧૦ ના રોજ નોલેજ એકેડમીના ઉપક્રમે આપણે ધો–૧૦,ધો–૧૨ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીની ક્ષમતા અને મનોવલણને અનુરૂપ ક્યું ક્ષેત્ર પસંદ કરવું જોઈએ તે માટે એક સેમીનારનું આયોજન કર્યું. વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી કાર્યક્રમને બહુ સારો આવકાર મળ્યો. કાર્યક્રમના અંતે વિદ્યાથીઓ અને વાલીઓનો જે પ્રતિભાવ સાંપડ્યો તે જોતાં એમ જણાયું કે આવા સેમીનારનું દરેક વર્ષે આયોજન કરવું.

કારોબારીની મિટીંગ એકાદ માસ અગાઉ સમાજના ટ્રસ્ટીશ્રી જયકુમાર ચંદુલાલ શાહને બંગલે મળી હતી. વિશદ ચર્ચા બાદ વર્ષ દરમિયાન યોજવામાં આવતા કાર્યક્રમોની યાદી તૈયાર કરવામાં આવી અને જે તે કાર્યક્રમની જવાબદાર કમીટીઓ બનાવવામાં આવી. જેમાં કાર્યક્રમોની લગભગ તારીખો પણ નક્કી કરી જેથી આયોજન સુચારૂ બનાવી શકાય સમાજના કોઈપણ કાર્યક્રમમાં ફંડની જરૂર અનિવાર્ય હોય છે. તે લક્ષમાં લઈ નક્કી કરવામાં આવ્યું કે સમાજના વીસેક સભ્યો પાસેથી રૂા. ૭૫૦૦/– વાર્ષિક ધોરણે લેવા અને તે ફંડ વર્ષ દરમિયાન તોટો પડે ત્યાં ઉપયોગમાં લેવું. કમિટીની મીટીંગ દરમિયાન જ આવા ૧૨ સભ્યોએ પોતાના નામ નોંધાવ્યા હતા જે પ્રશંસનીય છે.

આપણા સમાજના માનનીય ટ્રસ્ટીશ્રી સુબોધભાઈ માનચંદ શાહ(ધોળાસણ)નું અવસાન તા. ૧૭–૧–૨૦૧૦ના રોજ થયું જેની કારોબારીએ સખેદ નોંધ લીધી. આપણે સમાજના મૂકસેવક એવા સુભોધભાઈની શ્રધ્ધાંજલી સભઆનું આયોજન કર્યું. જેમાં સમાજના ધણા સભ્યો ઉપસ્થિત રહી સ્વર્ગર્થની સમાજ સેવાને બિરદાવી હતી.

અંતમાં પ્રાયઃ આ સ્થાનેથી અને આ કોલમથી મારા ૧૦૮ સમાજના સૌ સુજ્ઞ જ્ઞાતિજનોને ઉદ્‌બોધન કરવાનો આ મારો છેલ્લો અવસર છે. સમાજે મને આ હોદ્દાને યોગ્ય ગણ્યો અને મને જવાબદારી સોંપી તે બદલ સમાજનો હું ઋણી છું મારા ૧૦૮ના સમાજનું ભવિષ્ય મને ઘણું જ ઉજળું દેખાય છે. ૧૦૮ સમાજ ગૌરવવંતો બને એ જ અંતઃ કરણની અભિલાષા.

# લગ્ન વિષયક

## યુવતી

**કોડ નં. ૦૧૦૫૧૦**

૧૦૮ ના ગોળની અમદાવાદ સ્થિત કુવારી, ૨૭ વર્ષ, ૫'–૪", એમ.કોમ. યુવતી માટે, જૈન શિક્ષીત યુવકના વડીલો બાયોડેટા, જન્માક્ષર સાથે સંપર્ક કરો

## યુવક

**કોડ નં. :૦૨૦૫૧૦**

૧૦૮ ના ગોળના અમદાવાદ સ્થિત સારૂ કમાતા ઉ. ૨૫ વર્ષ, ૧૬૩ સે.મી. બી.કોમ. યુવક માટે જૈન શિક્ષીત યુવતીના વડીલો બાયોડેટા, જન્માક્ષર સાથે સંપર્ક કરો.

**(બાયોડેટા ઉપર જાહેરાતનો કોડ નંબર લખવો)**

**● બાયોડેટા મોકલવાનું સ્થળ ●**

**૧૦૮ સમાજ લગ્નોત્સવ વિભાગ**

**૬, સુરાવલી ફલેટ, ૩૩ જૈનનદર, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭**

**લગ્નોત્સુક યુવક–યુવતી નામ રૂા. ૧૦૧/– ભરી છાપવામાં આવશે.**